ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મેળવ્યા બાદ કર્મચારી/શિક્ષક દ્વારા લેવામાં આવતી સ્વૈચ્છિક નિવૃતિના કેસમાં ઉચ્ચતર પગાર ધોરણનો લાભ પરત લેવા બાબત.

**ગુજરાત સરકાર**

નાણા વિભાગ

ઠરાવ ક્રમાંકઃપગર-૧૦૨૦૧૧-૨૬૪૨૭૫-મ

સચિવાલય, ગાંધીનગર

તા.૨૧.૬.૨૦૧૧

વંચાણમાં લીધાઃ-

(૧) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ- એઓપી-૧૦૯૧-૩-મ, તા.૫-૭-૧૯૯૧

(૨) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ- પગર-૧૧૯૪-૪૪-મ, તા.૧૬.૮.૧૯૯૪

(૩) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ- પગર- ૧૧૯૪-૪૫-મ, તા.૧૬.૮.૧૯૯૪

(૪) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ- પગર-૧૦૨૦૦૭-૬૧૫-મ, તા.૨-૭-૨૦૦૭

(૫) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ- પગર-૧૦૨૦૦૭-૧૧૩-મ, તા.૧૪.૯.૨૦૦૭

**આમુખઃ-**

રાજ્ય સરકારના કર્મચારીઓ/શિક્ષકો માટે બઢતીનો અભાવ/મર્યાદિત તકોનો પ્રશ્ન હલ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ઉચ્ચતર પગાર ધોરણની યોજના નાણા વિભાગના તા.૫-૭-૧૯૯૧ના ઠરાવ ક્રમાંકઃ-એઓપી-૧૦૯૧-૩-મ,થી તારીખ ૧લી જુન, ૧૯૮૭થી અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના મૂળભૂત રીતે*(AB INITIO)* સુધારીને, વંચાણમાં લીધેલ તા.૧૬.૮.૧૯૯૪ના ઠરાવ ક્રમાંકઃ-પગર-૧૧૯૪-૪૪-મ,થી કર્મચારીઓ માટે ૯,૧૮ અને ૨૭ વર્ષે અને વંચાણમાં લીધેલ તા.૧૬.૮.૧૯૯૪ના ઠરાવ ક્રમાંકઃ-પગર-૧૧૯૪-૪૫-મ,થી શિક્ષકો માટે ૯, ૨૦ અને ૩૧ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવાની યોજના દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ રાજ્ય સરકારના વિવિધ મંડળોની રજુઆતના સંદર્ભે વંચાણમાં લીધેલ તા.૨-૭-૨૦૦૭ના ઠરાવ ક્રમાંકઃ-પગર-૧૦૨૦૦૭-૬૧૫-મ, થી સરકારી કર્મચારીઓને ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવાની યોજના દાખલ કરવામાં આવેલ છે.

ઉચ્ચતર પગાર ધોરણ આપવાનો રાજ્ય સરકારનો મૂળ ઉદ્દેશ એ છે કે કર્મચારી/શિક્ષક તેના ચોકકસ પગાર ધોરણમાં સ્થગિત થતાં તેને તેની લાંબી નોકરીને ધ્યાને

લેતાં તેની કામગીરી પર વિપરીત અસર ન પડે તે બાબતે તેને નાણાકીય લાભ આપવાનો, સાથે સાથે કર્મચારી/શિક્ષક તેની લાંબી નોકરી દરમ્યાન ઉત્સાહ અને ખંતથી કામ કરે તે મુખ્ય ઉદ્દેશ રહેલો છે. આમ, રાજય સરકાર દ્વારા તમામ હકારાત્મક બાબતો ધ્યાને લઇને ઉચ્ચતર પગાર ધોરણ આપવાની યોજના બનાવવામાં આવેલ હોય ત્યારે કર્મચારી/શિક્ષક ઉચ્ચતર પગાર ધોરણનો લાભ લઇને પછી કોઇપણ કારણસર બઢતીનો અસ્વીકાર કરે અથવા સ્વૈચ્છિક નિવૃતિ લઇ લે ત્યારે ઉચ્ચતર પગાર ધોરણ આપવાનો રાજય સરકારનો મૂળ ઉદ્દેશ જળવાતો નથી.

ઉચ્ચતર પગાર ધોરણ યોજનાના અત્યાર સુધીના તમામ હુકમોમાં નીચે મુજબની જોગવાઇ કરવામાં આવેલ છે.

" આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મેળવનાર દરેક કર્મચારી/શિક્ષકે લેખિત બાંહેધરી આપવાની રહે છે કે, જયારે તેને બઢતી મળશે ત્યારે તેનો અસ્વીકાર કરશે નહીં. આ યોજનાનો હાર્દ બઢતીનો અભાવ/મર્યાદિત તકો સંદર્ભે લાભ આપવાનો હોઇ બઢતીનો અસ્વીકાર કરનારને તેનો લાભ આપી શકાય નહીં. ઉચ્ચતર પગાર ધોરણ મેળવનાર કર્મચારી/શિક્ષક બઢતી મળવાના પ્રસંગે <u>કોઇપણ કારણસર બઢતીનો અસ્વીકાર</u> કરશે, તો આ યોજના હેઠળ મેળવેલ લાભ તેણે જતો કરવો પડશે અને તેને તેના મૂળ નીચલા પગાર ધોરણમાં પાછા હઠાવવામાં આવશે તેમજ તેને આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળેલ ન હોત અને મૂળ નીચલા પગાર ધોરણમાં જે પગાર મળવાપાત્ર થતો હોત તે પગાર તેને મળવાપાત્ર થશે. આમ છતાં, મૂળ પગાર ધોરણમાં પાછા હઠાવવાના કારણે કર્મચારીએ જેટલા સમયગાળા માટે ઉચ્ચતર પગાર ધોરણમાં પગાર અને ભથ્થા મેળવ્યા હોય તે રકમની વસુલાત કરવાની રહેશે નહીં "

આમ છતાં સ્વૈચ્છિક નિવૃતિ સમયે કર્મચારીને મળેલ ઉચ્ચતર પગાર ધોરણ પરત લેવાનું થાય કે કેમ તે બાબતે અન્ય વિભાગો/ખાતાના વડાઓ તરફથી નાણાવિભાગને પૃચ્છા કરવામાં આવી રહેલ છે તે બાબત ધ્યાને લઇ પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવઃ-**

(૧) ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મેળવ્યા બાદ સ્વૈચ્છિક નિવૃતિના કેસમાં બઢતીના અસ્વીકારના કેસમાં કરવામાં આવતી કાર્યવાહી મુજબની કાર્યવાહી કરવાની રેહેશે. એટલે કે, આ યોજના હેઠળ મેળવેલ લાભ કર્મચારી/શિક્ષકે પરત કરવો પડશે અને તેને તેના મૂળ નીચલા પગાર ધોરણમાં ઉચ્ચતર પગાર ધોરણ ન મળેલ હોય તે મુજબ પાછા હઠાવવામાં આવશે તેમજ તેને આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મેળવેલ ન હોત તો મૂળ નીચલા પગાર ધોરણમાં જે પગાર મેળવતા હોત તે પગાર અને તે પગાર પર મળવાપાત્ર ઇજાફા મેળવશે.

(૨) બઢતીની ખાતાકીય પરીક્ષા તેમજ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ હોય તથા અન્ય તમામ શરતો પૂર્ણ કર્યા બાદ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મેળવેલ હોય અને કર્મચારી/ શિક્ષક દ્વારા સ્વૈચ્છિક નિવૃત્તિ લેવામાં આવી હોય તેવા કિસ્સામાં મૂળ નીચલા પગાર ધોરણમાં પાછા હઠાવવાના કારણે કર્મચારીએ જેટલા સમયગાળા માટે ઉચ્ચતર પગાર ધોરણમાં પગાર અને ભથ્થા મેળવ્યા હોય તે રકમની વસુલાત કરવાની રહેશે નહીં

(૩) બઢતીની ખાતાકીય પરીક્ષા તેમજ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરવાની શરતે ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મેળવેલ હોય તેવા કર્મચારી/શિક્ષકે બઢતીની ખાતાકીય પરીક્ષા તેમજ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કર્યા પહેલાં સ્વૈચ્છિક નિવૃત્તિ મેળવવી હશે તો તેઓએ મેળવેલ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ પરત કરવાનો રહેશે અને તેમણે મેળવેલ નાણાકીય લાભ પરત કરવાનો રહેશે. ગુજરાત રાજ્ય મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨ના નિયમ-૨૮ની જોગવાઇ આ પ્રકારના કેસોમાં લાગુ પડશે નહીં.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એચ.ડી.સેઈલર)
નાયબસચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

૦- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

૦- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર

૦- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર

૦- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ

૦- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર

૦- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

- સચિવાલયના સર્વે વિભાગો

( ખાતાના વડાઓ/કચેરીના વડાઓ ને પરિપત્રિત કરવાની વિનંતી સાથે )

- એકાઉન્ટન્ટ જનરલ-૧ (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ

- એકાઉન્ટન્ટ જનરલ-૨ (એ. એન્ડ ઈ.), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક હિસાબ ભંડોળ, હિસાબની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર
-સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ,
-નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવદ
- નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ
- સર્વ માન્ય કર્મચારી મંડળો,
- સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબસાઈટ ઉપર મૂકવા સારૂ.
- સીલેકટ ફાઈલ- મ શાખા

--------------------

O પત્ર દ્વારા